* **ધો- ૭-બ : કુલ ૫૫ વિદ્યાર્થીઓએ ભરૂચ દૂધધારા ડેરીની મુલાકાત લીધી હતી.** અહી તેમણે દૂધનું એકત્રીકરણ, તેની સ્ટોરેજ પ્રકિયા, દૂધ, છાશની પેકિંગ પધ્ધતિ, દૂધમાંથી બનતી વસ્તુઓ દૂધ, ઘી, પનીર, છાસ વગેરે બનાવટની પ્રક્રિયા પ્રત્યક્ષ રીતે નિહાળી હતી. દૂધ ધારા ડેરીનાં મેનેજર અને તેમની ટીમનો ઘણો સારો સહકાર મળ્યો. ડેરી તરફથી વિદ્યાર્થીઓને ફલેવર્ડ મિલ્ક અને આઇસ્ક્રીમ આપવામાં આવ્યાં હતાં. કન્વી. શિક્ષકઃ પ્રજ્ઞાબેન પ્રજાપતિ, કંચગબેન પરમાર






* **ધો- ૮-અ : કુલ ૫૧ વિદ્યાર્થીઓએ ભરૂચનાં કસક કુવારા પાસે આવેલ ''વડીલોનું ઘર'' ની મુલાકાત લીધી હતી.** વિદ્યાર્થીઓ વડીલો માટે આદરભાવ અને નૈતિક મૂલ્યોનો વિકાસ થાય તેવાં હેતુથી આ સ્થળની મુલાકાત લેવામાં આવી. વિદ્યાર્થીઓએ વડીલો સાથે વાતચીત કરી, આત્મીયતા કેળવી, તેમના કામમાં મદદરૂપ થયાં અને તેમના આર્શીવાદ લીધા હતાં. કન્વી. શિક્ષક : શેફાલીબેન ઠાકર, સંધ્યાબેન પરમાર







* **ધો- ૮-બઃ કુલ ૫૨ વિદ્યાર્થીઓએ ભરૂચ નગરપાલિકા ફાયર સ્ટેશનની મુલાકાત લીધી.** ફાયર સ્ટેશન અધિકારી શ્રી શૈલેશ સાંસિયા સાહેબે આપત્તિ એટલે શું? અને તેનાં પ્રકાર, પૂર, વાવાઝોડું, સુનામી, આગ, ભૂકંપ વગેરે આપત્તિઓ દરમિયાન શું કરવું અને શું ન કરવું? તે વિશે સમજ આપી હતી. કન્વી. શિક્ષકઃ શૈલેન્દ્રસિંહ ગોહિલ, જિજ્ઞેશભાઇ જોષી





**તા. ૫/૧૦/૨૦૨૩ ધો ૧૧ સાયન્સ (ગ્રુપ -એ) વિદ્યાર્થીઓની સંખ્યા : ૪૫** શિક્ષકનું નામ : અલ્પેશભાઇ પટેલ, સુહેલભાઇ ભરૂચી

ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહના A-ગ્રૂપના વિદ્યાર્થીઓ કે જેઓ ભાવિ ઇજનેર બનવાના હોવાથી તેઓ કંપનીની મુલાકાત દ્વારા કંપનીમાં થતી વિવિધ પ્રકારની કામગીરીથી માહિતગાર થાય તેમજ તે સંદર્ભે તેમનામાં લાંબા ગાળાનું વિઝન બંધાય તેમજ દીર્ઘ દૃષ્ટિ વિકસે એ હેતુથી ભરૂચની GIDC માં આવેલ નીચે મુજબની કંપનીઓની મુલાકાત લીધી હતી. કંપનીમાં થતી કામગીરીના નિદર્શન સાથે સમજણ બાદ વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરી પણ કરી હતી.

૧. ક્રિષ્ના પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝ : શ્રી વિશાલભાઇ અને દિલિપભાઇ એ પોલિથીન દાણામાંથી પ્લાસ્ટિકની થેલીઓ કેવી રીતે બને છે અને જરૂરી માપમાં કેવી રીતે કાપવામાં આવે છે તેનું લાઇવ ડેમોન્સ્ટ્રેશન આપ્યું હતું.

૨. કર્ણાવતી Woven Sack Industries : શ્રી આશિષભાઇ અને જગજીવનભાઇએ ખાતર ભરવાની બેગ કેવી રીતે બને છે સમજાવ્યું હતું.

૩. J & J પેકેજીંગ ઇન્ડસ્ટ્રીઝ : શ્રી કે.જે મોહન સાહેબે કંપનીમાં કાગળના રોલમાંથી પૂઠા તથા તેમાંથી બોકસ કેવી રીતે બને છે. તેનુ નિદર્શન કર્યુ હતું.

૪. ICEMACH Cosmetics : આ કંપની Home Care તથા Personal care માટેની લગભગ ૨૦ જેટલી પ્રોડકટનું ઉત્પાદન કરે છે. તેમાંથી વાળને જરૂરી એવુ શેમ્પુ નું ઉત્પાદન કેવી રીતે થાય છે તે બતાવ્યુ હતું.





- **તા. ૫/૧૦/૨૪ ધો: ૧૧ સાયન્સ (ગ્રુપ - બી) વિદ્યાર્થીઓની સંખ્યાઃ ૩૭** શિક્ષકનું નામ : જ્યોતિબેન મજિઠિયા

**સ્થળઃ સેવાશ્રમ હોસ્પીટલ, રેડ ક્રોસ બ્લડ બેન્ક તથા શ્રોફનર્સિંગ કોલેજ, ભરૂચ**

ધો. ૧૧ વિ.પ્ર. બાયોલોજી ગ્રુપના ૩૭ વિદ્યાર્થીઓ કે જેઓ તબીબી ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાનો છે. તેમણે સેવાશ્રમ હોસ્પિટલ, બ્લડ બેન્ક તથા નર્સિંગ કોલેજની મુલાકાત લીધી. અહી વિદ્યાર્થીઓએ બ્લડ બેંક તથા હોસ્પિટલના જુદા જુદા વિભાગો જેવાકે ગાયનેક, ફિઝીયોથેરાપી વગેરે વિભાગમાં નિદર્શન જોયું તથા તેની કાર્યપધ્ધતિ વિશે ડોકટરો પાસેથી જાણકારી મેળવી.







- **તા. ૫/૧૦/૨૪ ધો. ૧૨ સાયન્સ વિદ્યાર્થીઓની સંખ્યાં : ૬૦** શિક્ષકનું નામ : પરેશભાઇ પટેલ, વંદનાબેન ભાભોર

**સ્થળ : પી.પી સવાણી યુનિવર્સિટી, કોસંબા**

ધો. ૧૨ વિ.પ્ર.ના ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ કોસંબા પાસે આવેલ પી. પી. સવાણી યુનિવર્સિટીની શૈક્ષણિક મુલાકાત લીધી. વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીમાં આવેલા જુદા જુદા ડિપાર્ટમેન્ટ તથા ત્યાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો અંગે જાણકારી મેળવી.




- **તા. ૭/૧૦/૨૪ ધો. ૧૦ અ, બ વિદ્યાર્થીઓની સંખ્યાઃ ૧૨૦** શિક્ષકનું નામઃ કિરણભાઇ પટેલ, ચીમનભાઇ પરમાર, કુસુમબેન માવર, પ્રજ્ઞાબેન પ્રજાપતિ **સ્થળ : કે.જે.ચોકસી લાઇબ્રેરી**

ધો. ૧૦ અ,બ ના વિદ્યાર્થીઓએ સપના કરો સાકાર અંતર્ગત જિલ્લા માહિતી કચેરી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર બાગાયતી વિભાગ અને કે. જે. ચોકસી લાઇબ્રેરીની મુલાકાત લીધી. આ મુલાકાત થકી સરકારી કચેરીઓમાં થતી કામગીરીની માહિતી મેળવી હતી. આ પ્રોજેકટ દ્વારા જીવન કૌશલ્યોનો વિકાસ થાય. વિદ્યાર્થીઓમાં વિવિધ સરકારી કચેરીઓમાં થતી કામગીરી અંગે જાગૃતિ આવે તથા વ્યવસાય માટેની સમજ પ્રગટે તેવા આશયથી વિદ્યાર્થીઓને જુદી જુદી કચેરીઓની મુલાકાત કરાવવામાં આવે છે.




- **તા. ૮/૧૦/૨૦૨૪ ધો -૯ અ,બ વિદ્યાર્થીનીઓની સંખ્યા : ૭૫** શિક્ષકનું નામ : મનિષાબેન જાદવ, વંદનાબેન ભાભોર વિદ્યાર્થીનીઓની સંખ્યા : ૭૫ **સ્થળનું નામ : નારી સંરક્ષણ ગૃહ અને શિશુ ગૃહ ભરૂચ,**

ધો. ૯ અ,બ ની વિદ્યાર્થીનીઓએ સપના કરો સાકાર અંતર્ગત "નારી સંરક્ષણ ગૃહ" અને "શિશુ ગૃહ" ની મુલાકાત લીધી હતી જેનાથી વિદ્યાર્થીનીઓને માહિતી મળી કે સમાજમાં ઘણીવાર નાની એવી ભૂલોથી કેવું મોટું પરિણામ ભોગવવું પડે છે. સ્ત્રીઓના જીવનમાં બનતી ઘટનાઓના કારણે થતી સમસ્યાઓથી પણ વિદ્યાર્થીનીઓને વાકેફ કરવામાં આવ્યા હતાં. **સામાજિક મર્યાદા છોડીને સ્વૈર રીતે જીવવાથી કેવા પરિણામો ભોગવવા પડે છે તેના પ્રત્યક્ષ અનુભવ માટે વિદ્યાર્થીઓને આ સ્થળની મુલાકાત કરાવવામાં આવે છે.**